**P-711** Seat No.________

# M. A. (Sem. IV) Examination
## April / May – 2016
## Gujarati : CC-402
## (ગુજરાતી ભાષાનું અધ્યયન)

Time : **3** Hours] [Total Marks : **70**

**સૂચના** : દરેક પ્રશ્નના ગુણ સરખા છે.

1 ભારતીય આર્યના વિકાસની ભૂમિકાઓ વિશે વિગતે ચર્ચા કરો.

**અથવા**

1 પ્રાચીન ભારતીય આર્યથી મધ્ય ભારતીય આર્ય સુધી થયેલાં સ્વર પરિવર્તન ઉદાહરણ સહિત સમજાવો.

2 ગુજરાતી ભાષાના ઉદ્ભવ અને વિકાસના વિભિન્ન તબક્કાઓ જણાવો.

**અથવા**

2 અપભ્રંશની ભાષા ભૂમિકામાંથી જૂની ગુજરાતી ભાષા ભૂમિકામાં આવતાં જે પરિવર્તનો થાય છે તેને સદૃષ્ટાંત ચર્ચો.

3 ગુજરાતી ભાષાના ધ્વનિઓ વિશે વિગતે ચર્ચા કરો.

**અથવા**

3 ટૂંકનોંધ લખો :

(1) ગુજરાતી ભાષાના સ્પર્શવ્યંજનો

(2) ગુજરાતી ભાષાના અનુનાસિકો.

4 ટૂંકનોંધ લખો : (કોઇ પણ બે)

(1) સૌરાષ્ટ્ર બોલીની લાક્ષણિકતાઓ

(2) ગુજરાતીમાં પદસંવાદ અને પદક્રમ

(3) ભાષામાં ધ્વનિપરિવર્તન અને તેના પ્રકારો

(4) ગુજરાતીનું શબ્દભંડોળ.

5 ટૂંકમાં જવાબ આપો : (કોઇ પણ સાત)

(1) વેદકાળમાં ત્રણ જુદા જુદા સ્તરનાં ભાષા સ્વરૂપ પ્રચલિત હતાં. કયાં કયાં ?

(2) બ્રાહ્મણ ગ્રંથોનો સમયગાળો કયો ? એમાં કયા-કયા ભાષાભેદોનો ઉલ્લેખ મળે છે ?

(3) મધ્યસ્થાનના મહાપ્રાણ વ્યંજન 'ખ્' નું 'હ' રૂપે પરિવર્તનનાં બે ઉદાહરણ આપો.

(4) અપભ્રંશોત્તર ભૂમિકાનાં લક્ષણો જેમાં સ્પષ્ટપણે વ્યક્ત થયાં હોય એવી કઇ-કઇ સાહિત્યરચનાઓ બારમી-તેરમી સદીમાં મળે છે ?

(5) અપભ્રંશમાંથી જૂની ગુજરાતી ભાષા ભૂમિકામાં આવતા સ્વરોમાં થયેલા બે મહત્ત્વના ફેરફારો કયા ?

(6) ગુજરાતી ભાષા વિકાસની બીજી ભૂમિકાનાં કોઇ પણ બે મહત્ત્વનાં ભાષાલક્ષણો જણાવો.

(7) ગુજરાતી સ્વરોના ભેદક-ધર્મો કયા કયા છે ?

(8) ગુજરાતી ભાષામાં કેટલા અનુનાસિક ઘટકો છે ? કયા કયા ?

(9) અલ્પપ્રાણ અને મહાપ્રાણ સ્પર્શ વ્યંજનો કયા કયા છે ?

(10) સુરતીબોલીની કોઇ પણ બે લાક્ષણિકતાઓ જણાવો.

(11) તદ્‌ભવ શબ્દો એટલે શું ? બે ઉદાહરણ આપો.

(12) ધ્વનિપરિવર્તનના પ્રકારો કેટલા ? કયા કયા ?

---